

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## રાજકોટની જેલમાં યોજાયેલું કવિસંમેલન

ગુજરાત રાજ્યના 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વિવિધ શહેરોની જેલમાં યોજાતા કવિસંમેલનની શૃંખલામાં તા. ૨૯-૬-૧૦ને રવિવારના રોજ રાજકોટ જિલ્લા જેલ ખાતે એક કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જેલના પાંચ કવિઓ સાથે રાજકોટના બાર કવિઓએ કાવ્યપાઠ કર્યો હતો.

કાર્યક્રમના આરંભમાં સાહિત્ય પરિષદના પ્રસારમંત્રી શ્રી નીતિન વડગામાએ પરિષદ દ્વારા યોજાતા આવા કાવ્યપાઠના ઉપક્રમોની મહત્તા અને ઉપયોગિતા દર્શાવીને કવિતા સંદર્ભે ભૂમિકા રચી આપી હતી. ત્યારબાદ જેલર શ્રી એસ. આર. રબારી તથા ડી. પી. રબારીએ કવિઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું.

રાજકોટના કવિઓ સર્વશ્રી ભાસ્કર ભટ્ટ, લલિત ત્રિવેદી, અરવિંદ ભટ્ટ, સંજુ વાળા, મહેન્દ્ર જોશી, શૈલેશ ટેવાણી, વસંત જોશી, પ્રદીપ રાવલ 'સુમિરન', રાકેશ હાંસલિયા, દિનેશ કાનાણી, રાજેશ મહેતા તથા નીતિન વડગામાએ પોતાની કાવ્યરચનાઓ રજૂ કરી હતી તેમજ કેદી ભાઈઓમાંથી સર્વશ્રી રમેશ બેચર ડોડિયા, હમીર સોના, શંકર મંગા, દિનેશ કુકડિયા તથા દિલીપ મોહન પટેલે એમની કૃતિઓ રજૂ કરી હતી. કાવ્યોનું ભાવન કરીને બંદીવાન ભાઈઓ ભાવાર્દ્ર થઈ ગયા હતા અને કેટલાકની આંખો પણ ભીની થઈ ગઈ હતી. પરિષદ તરફથી રાજકોટ જિલ્લા જેલને આશરે ૫૦૦ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં અને અંતે જેલના અધિક્ષક શ્રી એસ. આઈ. વ્હોરાએ પરિષદનો તથા સર્વ કવિઓનો આભાર માન્યો હતો.

## રવીન્દ્રભવનના ઉપક્રમે...

તા. ૭-૭-૨૦૧૦ના રોજ રવીન્દ્ર ભવનના ઉપક્રમે શ્રી નિરંજન ભગતે ટાગોરના નાટક 'અરૂપરતન' વિશે વક્તવ્ય આપ્યું. આરંભમાં નાટકમાં રહેલા ભાવને ખોલી આપ્યો અને તે સાથે 'રાજા' નાટકની વાત પણ કરી પછી 'અરૂપરતન'માંથી અંશોનું પઠન કરતા કરતા તેના અંતર્નિહિત મર્મને ઉઘાડતા ગયા. પઠન બધા શ્રોતાઓને ખૂબ સ્પર્શી ગયું.

## 'વૈચારિક ક્રાંતિની જ્યોત 'વાંચે ગુજરાત' '

૧૮ જુલાઈ ૨૦૧૦ને રવિવારે વડોદરા મધ્યસ્થ જેલમાં ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત 'વાંચે ગુજરાત' અંતર્ગત 'મને ગમતું પુસ્તક' વિશે વ્યાખ્યાન આપવા જવાનું નિમંત્રણ પરિષદમાંથી મને મળ્યું. ગંગારામભાઈ મને કહે તમે જશો ? મેં કહ્યું સારું. ફરીથી પૂછ્યું. જશો, ખરેખર ? મેં ફરીથી કહ્યું, હા વળી, કેમ નહીં ? બીજે દિવસે શુક્રવારે જેલના અધિકારી વ્યાસસાહેબનો ફોન આવ્યો. સમય નક્કી થયો. પછી તો મન ચકડોળે ચડ્યું. અનેક પ્રશ્નો કરી બેઠું. જેલ કેવી હશે ? કેદીઓ કેવા હશે ? કેટલા હશે ? શું કરતા હશે આખો દિવસ ? પુસ્તકો કોઈ વાંચતું હશે કે કેમ ? એમની માનસિક સ્થિતિ કેવી હશે ? ભાઈઓ કેટલા



હશે ? બહેનો કેટલી હશે ?... આમ તો જેલ તો ફિલ્મોમાં જોઈ હતી. અને એકાદ વર્ષ પહેલાં મને N.B.T.માંથી 'કાલાપાની : આંદામાન કી દડીબસ્તી' એ પુસ્તકનો અનુવાદ કરવાનું સોંપાયેલું ત્યારે એમાંથી પસાર થતી વખતે જેલ વિશેના અનુભવો ઘેરબેઠા તાદૃશ થયેલા. તરત જ મેં મારા મનનું સમાધાન કરવા માટે જેલના અધિકારીને વળી પાછો ફોન જોડ્યો. તેમણે જણાવ્યું કે 'બહેન જુઓ, રસ તો કોઈને નથી. આજના કૉલેજિયન છોકરાઓ ક્યાં વાંચે છે, તો પછી આમને તો ક્યાંથી હોય ! પણ બહેન તમે એવું કંઈક બોલો જેથી એ લોકોમાંથી થોડાઘણા પણ વાંચતા થાય તો આ અભિયાન સાર્થક ગણાય.'

હું તો વિચારમાં પડી. મારી ખરી કસોટી થઈ ને એકાએક જ મને મેં જ સંપાદિત કરેલું 'રવીન્દ્રનાથ ઠાકુરનાં સંસ્મરણો' (ડિવાઇન પબ્લિકેશન્સ) કે જેમાં રવીન્દ્રનાથ ટાગોરના બાળપણનાં સંસ્મરણો આલેખાયેલાં છે એના પર વાત કરવાનું મન થયું. એ વિચારથી કે મોટાભાગનાએ ટાગોરનું નામ તો જાણ્યું હોય ને આ તો પાછા બાળપણનાં સંસ્મરણો છે એટલે ગમે તેને રસ પડે. આ ઉપરાંત ટાગોરની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી ભારતભરમાં થઈ રહી છે અને આ પુસ્તકની બીજી આવૃત્તિ થઈ રહી છે તો એ નિમિત્તે વાંચવાનું ચાલતું હતું એટલે વિષય તો નક્કી થઈ ગયો.

રવિવારે સવારે બરાબર ૮.૦૦ કલાકે હું ને મારી એક ફ્રેન્ડ ભારતી વાકાણી જેલ પહોંચી ગયાં. ગેઇટ પર પૂછપરછ શરૂ. દરવાજા પર દરવાજા પસાર કરી અંદર પહોંચ્યાં. મારી સાથે બીજા વક્તા મારી જ કૉલેજના પ્રિ. ડૉ. કિશોરસિંહ રાવ પણ પહોંચી ગયા હતા. જતાં જતાં મહાદેવી વર્માનું વિધાન યાદ આવી ગયું. 'જાગ્રત શિક્ષિત બહેનોએ પણ સામાજિક પ્રતિબદ્ધતા કેળવવી પડશે. સામાજિક જાગૃતિની ચળવળમાં ઝંપલાવવું પડશે.' દરવાજાની અંદર પ્રવેશતાં જ અનેક પ્રશ્નોનો મારો. એક ગંભીર વાતાવરણ ! અમેય ગુનેગાર જેવા લાગીએ. વ્યાસસાહેબ અમને કાર્યક્રમના સ્થળે લઈ ગયા. ધીમે ધીમે કેદીઓ લાઇનસર ગોઠવાતા જતા હતા. આશરે ૨૨૦૦થી વધારે કેદીઓની સંખ્યામાંથી ધીમે ધીમે બારસો-તેરસો જેટલા કેદીઓ અને એય પાછા ફરજિયાત નહીં, પોતાની ઇચ્છાથી આવેલા. બધા જ શિસ્તબદ્ધ. આસપાસ બધે ચોકીપહેરો ! એક બાજુ કાચા કામના કેદીઓ જેઓ સાદા ડ્રેસમાં ને બીજી બાજુ પાકા કામના કેદીઓ. સફેદ યુનિફૉર્મ. માથે ટોપી પણ ટોપીઓ જુદી જુદી. પીળી, પીળી અને લાલ, પીળી અને સફેદ પટ્ટાવાળી, સફેદ એમ વિવિધ. ટોપીઓના કલર એમની સજા સૂચવતી હતી. ઘણા કેદીઓ કલમો પરથી ઓળખાય. દૂરથી એ દૃશ્ય જાણે માથે પીળી ઝાંયવાળા કોઈ પરદેશી પંખીઓનાં ટોળાં ઊતરી આવ્યાં હોય ! કાચા કામના કેદીઓમાં પશ્ચાત્તાપ જેવું દેખાતું નહોતું પણ પાકા કામના કેદીઓના મોં પર એ ભાવ જણાતો. બધા જ ધ્યાનમગ્ન ઋષિની જેમ સાવ મંત્રમુગ્ધ. એમ થતું કે એ લોકો વિચારતા હશે કે આ વળી શું વાત કરશે ? મનમાં એક આશંકા ઊભરતી દેખાઈ રહી હતી.

અમારા તરફથી વાત પૂરી થઈ. જેલ અધિકારીશ્રી વ્યાસસાહેબે પણ બે-ત્રણ ખાસ પુસ્તકો તો અચૂક વાંચવા માટે આગ્રહ કર્યો. હજુય બધામાં ધીરજ ખૂટી નહોતી. કેદીઓમાંથી પંદરેક કેદીઓ વિવિધ પુસ્તકો પર બોલ્યા. કોઈ 'વચનામૃત', 'ચાણક્યની રાજનીતિ', 'ગર્ભસંહિતા', માતૃભાષાનું ગૌરવ તો કોઈ કૈલાસ નાયકની નવલકથા 'ગાંધી આવે તો...' એમ વિવિધ વિષયોનું એમનું વાંચન હતું. કદાચ આજે કૉલેજના અધ્યાપકો કે વિદ્યાર્થીઓ

પણ આટલા ઉત્સાહથી બોલવા તૈયાર ન થાય ! હજુ ઘણા બોલવા તૈયાર હતા. આવતા મહિને અચૂક બોલશે, પુસ્તકો વાંચશે એવી એમના તરફથી ખાતરી મળી. એમનો ઉત્સાહ જોઈને મેં મારું પુસ્તક 'રવીન્દ્રનાથ ઠાકુરનાં સંસ્મરણો' 'તરતું પુસ્તક' તરીકે જાહેર મૂક્યું.

કાર્યક્રમનું સંચાલન કરતા હતા એ કેદીભાઈ લાઇબ્રેરી પણ સંભાળતા હતા. તેમને જનમટીપની સજા મળેલી હતી. તેઓ પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે પોતાની વાત મૂકી રહ્યા હતા. વર્ષોથી જેલમાં કેદ હોવા છતાં મુક્ત હતા ! એમના ચહેરા પર જેલમાં પુરાયાનો જરાય ભાવ દેખાતો નહોતો. એ ભાઈને મેં પૂછ્યું કે આમાંથી રોજના લાઇબ્રેરીનો ઉપયોગ કરનાર કેટલા ? તો લગભગ દોઢસો જેટલા કેદીઓ રોજનાં પુસ્તકોની આપ-લે કરાવે છે એમ જાણવા મળ્યું.

ખરેખર આજે એક જુદો જ અનુભવ થયો. એક બાજુ ધ્યાનશિબિર ચાલે. 'સ્કોપ'ની પરીક્ષા શરૂ થવાની હતી. પ્રૌઢશિક્ષણના વર્ગો ચાલે ! એમના વિકાસ માટે ઘણું થતું હતું. સ્ટાફની અછત છતાં અધિકારીઓનું વર્તન પણ માનવતાભર્યું.

માનનીય મુખ્યમંત્રીનો આ કન્સેપ્ટ વધાવવાલાયક છે. કાર્લ માર્ક્સની વૈચારિક ક્રાંતિની ઝંખના યાદ આવે. આ વૈચારિક ક્રાંતિ ખરેખર ઝગવવી હોય તો આમઆદમી પાસે જવાની વાત સો ટકા સાચી છે. એક સાચા અર્થમાં જનજાગરણ ઊભું કરવું પડશે. માત્ર વિદ્વદ્જનોનાં વ્યાખ્યાનોથી કામ નહીં સરે પણ દરેક સુજ્ઞ નાગરિકોએ, શિક્ષિતોએ સ્વેચ્છાએ આ અભિયાનમાં પૂરેપૂરા તન અને મનથી જોડાવું પડશે. તો જ 'વાંચે ગુજરાત'નો કન્સેપ્ટ માત્ર ગુજરાતીઓ વાંચતા થાય, વિચારતા થાય એમ નહીં પણ સમગ્ર વિશ્વ ગુજરાતને વાંચે – વાંચતો થાય ત્યારે જ સાર્થક ગણાશે. **– નિવ્યા પટેલ**

## ઉમાશંકર જોશી જન્મશતાબ્દીપર્વ

### *મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું*

ગુજરાતી ભાષાના વરિષ્ઠ સર્જક શ્રી ઉમાશંકર જોશીના જન્મશતાબ્દીપર્વનો આરંભ ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત ઉમાશંકર સ્વાધ્યાયપીઠના ઉપક્રમે તા. ૨૧-૭-૨૦૧૦ના રોજ સવારે ૮.૦૦ વાગ્યે થયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સર્વશ્રી રઘુવીર ચૌધરી, માધવ રામાનુજ, પ્રકાશ ન. શાહ, વિનોદ અધ્વર્યુ, નિરંજન ભગત, રાજેન્દ્ર પટેલ, રમેશ ર. દવે, અનિલા દલાલ, પારુલ કંદર્પ દેસાઈ, રૂપા શેઠ, કલ્પના પરીખ વગેરે સાહિત્યકારો અને શ્રી સાબરમતી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનિઓએ ઉમાશંકર જોશીના નિવાસસ્થાન 'સેતુ'થી ગુજરાતી સાહિત્ય પરિષદ સુધીની સાહિત્ય પદયાત્રા કરી હતી. જેમાં ઉમાશંકર જોશીનાં વિવિધ કાવ્યોનાં ગાન અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો બીજો ભાગ 'સર્જક ઉમાશંકર જોશીના સાહિત્યિક સર્જન ઉપર પરિસંવાદ' સવારે ૯.૩૦ વાગ્યે શ્રી નિરંજન ભગતની અધ્યક્ષતામાં યોજાયો હતો. શ્રી નીતિન વડગામાએ પરિસંવાદની ભૂમિકા બાંધી પરિસંવાદનું સંચાલન કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે પરિસંવાદના સંદર્ભે આખા ગુજરાતમાં થનારા કાર્યક્રમોની માહિતી ને ઉમાશંકર જોશીના શતાબ્દીપર્વનું મહત્ત્વ ચીંધી આપ્યું હતું. શ્રી ચન્દ્રકાંત શેઠે 'ઉમાશંકર જોશીની કવિતા' વિશેના વક્તવ્યમાં ઉમાશંકર જોશીનાં કાવ્યોની વિશદ ચર્ચા કરી હતી. જેમાં 'વિશ્વશાંતિ'થી



લઈને સપ્તપદી બધાજ કાવ્યસંગ્રહોની વિશેષતા ચીંધી આપી હતી. શ્રી રઘુવીર ચૌધરીએ 'ઉમાશંકર જોશીનાં નાટક અને ટૂંકી વાર્તા' વિશેના વક્તવ્યમાં 'મારી ચંપાનો વર', 'ગુજરીની ગોદડી' વગેરે વાર્તાઓની તેમજ 'મહાપ્રસ્થાન' અને 'મંથરા' જેવા પદ્યનાટકની ચર્ચા કરીને તેમના સર્જનનો મહિમા કર્યો હતો. શ્રી શિરીષ પંચાલે 'ઉમાશંકર જોશીનું વિવેચન' વિશેના વક્તવ્યમાં પરંપરાને આત્મસાત્ કરીને ઉમાશંકર જોશીએ વિવેચના કરી છે તેમ જણાવ્યું હતું. શ્રી ભોળાભાઈ પટેલે 'ઉમાશંકર જોશીની સંસ્કૃત પર્યવેષણા' વિશેના વક્તવ્યમાં ઉમાશંકરે કરેલા અનુવાદો 'ઉત્તરરામચરિત', 'શાકુન્તલ' અને 'ઈશાવાસ્યોપનિષદ'ની વિગતે આસ્વાદલક્ષી ચર્ચા કરી હતી. શ્રી નિરંજન ભગતે પ્રાસંગિક અને અધ્યક્ષીય વક્તવ્યમાં કહ્યું હતું કે ઉમાશંકર જોશીના આ શતાબ્દીપર્વમાં દર મહિને તેમની કૃતિનો આસ્વાદ-કાર્યક્રમ થવો જોઈએ. સર્જકની કૃતિનો આસ્વાદ થાય એ જ સર્જકને સાચી અંજલિ છે. અને પછી ઉમાશંકર જોશીના કવિતાસર્જનમાં રહેલી ચરમસીમાને ખોલીને ભાવક સમક્ષ મૂકી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે 'આતિથ્ય' કાવ્યસંગ્રહથી તેમનાં કાવ્યોમાં વળાંક આવ્યો છે. જેમાં આંતરજગતની વાત છે. તેની વિસ્તૃત ચર્ચા કરી હતી.

ઉમાશંકર જોશી જન્મશતાબ્દીના દિવસે માતૃભાષા સંવર્ધન કેન્દ્રનો આરંભ થયો એ સોનામાં સુગંધ ભળ્યા જેવું છે. માતૃભાષા સંવર્ધન કેન્દ્ર અંતર્ગત : 'માતૃભાષા-કૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમનું ઉદ્‌ઘાટન શ્રી ભોળાભાઈ પટેલે ૬.૦૦ કલાકે કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે શરૂઆતમાં માતૃભાષા વિશેની ચિંતા વ્યક્ત કરી હતી. શ્રી રતિલાલ બોરીસાગરે 'માતૃભાષા-કૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ની ભૂમિકા આપી હતી. જેમાં વ્યવહારની ભાષા અને લેખનની ભાષામાં આવતી મુશ્કેલીઓની વિગતે વાત કરી હતી. ભોળાભાઈ પટેલે ઉદ્‌ઘાટક તરીકેના વક્તવ્યમાં ભાષાની અભિવ્યક્તિ અને સભાનતા વિશે ચર્ચા કરી હતી. શ્રી અનિલાબહેન દલાલે સમાપન કર્યું હતું.

કાર્યક્રમના અંતમાં ઉમાશંકર જોશીનાં કાવ્યોનું ગાન શ્રી અમર ભટ્ટ અને તેમના વૃંદ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સૌમિક સુથારે 'મારું જીવન એ જ મારી વાણી', 'ભોમિયા વિના', 'ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું'; હેમાલી વ્યાસે 'ભૂલું પડ્યું', 'લૂ જરી તું ધીમે ધીમે વા'; શિવાંગી દેસાઈએ 'રામ મઢી' અને અમર ભટ્ટે 'મારું નામ ભાષામાં ઓગળી ગયું.' 'હે જી ભાઈ પી લો જગતભર પ્યાલા', 'રહ્યાં વર્ષો'ના ગાનથી સર્જક ઉમાશંકર જોશીને ગીતાંજલિ અર્પણ કરી હતી. શ્રી પ્રફુલ્લ રાવળે સૌનું ઋણ અદા કર્યું હતું. આમ, ૨૧મીની સવાર અને સાંજ ઉમાશંકર જોશીનાં સ્મરણોથી સભર અને રળિયામણી બની હતી. **– ઇતુભાઈ કુરકુટિયા**

## પરિષદની વિવિધ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા વિવિધ વ્યાખ્યાનમાળાઓ અંતર્ગત સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ વગેરે વિશેનાં પંદરેક વ્યાખ્યાનોનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ અમદાવાદ ઉપરાંત વિવિધ નગરોમાં એ વ્યાખ્યાનો યોજાશે. વ્યાખ્યાનો યોજવામાં સાહિત્યિક અને શૈક્ષણિક સંસ્થાઓનો સહયોગ આવકાર્ય છે, તો જે સંસ્થાઓ પરિષદ સાથે જોડાઈને વ્યાખ્યાનોનું આયોજન કરવા ઇચ્છતી હોય એને પરિષદના પ્રસારમંત્રીશ્રી

નીતિન વડગામા, 'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી, આત્મીય કૉલેજ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, (મો.) ૯૮૭૯૪ ૦૦૪૨૪ સરનામે સંપર્ક કરવા જણાવાયું છે.

## 'રસપ્રતીતિનાં વિઘ્નો પૂર્વમાં અને પશ્ચિમમાં' વિશે

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા યોજાતા સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત તા. ૧૫-૭-૨૦૧૦ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે શ્રી શિરીષ પંચાલે 'રસપ્રતીતિના વિઘ્નો : પૂર્વ અને પશ્ચિમમાં' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનના પ્રારંભે શ્રી પારુલ કંદર્પ દેસાઈએ વ્યાખ્યાનશ્રેણીનો પરિચય કરાવી ભૂમિકા બાંધી આપી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે શ્રી શિરીષ પંચાલનો પરિચય આપ્યો હતો. શિરીષ પંચાલે 'રસપ્રતીતિનાં વિઘ્નો : પૂર્વ અને પશ્ચિમમાં' વિશેના વ્યાખ્યાનમાં કૃતિને પામવા ભાવકને થતી રસક્ષતિની વિશદ ચર્ચા કરી હતી. એક ઉત્તમ અધ્યાપકની રીતે શિરીષભાઈએ રસવિઘ્નોની વાત કરતાં કરતાં આરંભે ભૂમિકા બાંધી આપી હતી. સંસ્કૃત અને પશ્ચિમના સિદ્ધાંતોના અનેક સંદર્ભોને સાથે વણતા જઈને તેમણે સંસ્કૃત, ગુજરાતી તેમજ વિદેશી કૃતિઓનાં દૃષ્ટાંતો આપી વક્તવ્યને સભર અને રસવાહી બનાવ્યું હતું. રસાનુભવ ક્યારે થાય ? ભાવક પૂર્વગ્રહથી મુક્ત થાય ત્યારે, ભાવક સજ્જ હોય ત્યારે, ભાવકે વિવિધ પ્રદેશોની કૃતિનું વાચન કર્યું હોય ત્યારે, માત્ર કૃતિ અને કૃતિ સિવાય કશું નહીં, તેમજ રસવિઘ્નો ઊભાં કરનારાં તત્ત્વોની ચર્ચા કરી હતી. ઉપસ્થિત ભાવકોમાંથી ચંદ્રકાન્ત ટોપીવાળા, રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, પ્રદીપ ખાંડવાળા વગેરેએ પ્રશ્નોત્તરી તેમજ પૂરક માહિતી દ્વારા વિષયને વધુ સરળ અને સઘન બનાવ્યો હતો. અંતમાં, ઇતુભાઈ કુરકુટિયાએ સૌનો આભાર માન્યો હતો.

## 'પાક્ષિકી'

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૨૨-૭-૨૦૧૦ના રોજ સાંજે ૬.૦૦ કલાકે દીવાન ઠાકોરે શ્રી હરીશ ખત્રી લિખિત ચરિત્રનિબંધ 'હૃદયસ્પર્શિ કલાકાર કનુભાઈ દેસાઈ'નું પઠન કર્યું હતું. ઉપસ્થિત ભાવકોએ તેમનું ચરિત્ર હજુ વધુ ઊંડાણવાળું થાય તે માટે ચર્ચા કરી હતી.

## (૧) પારિતોષિક માટે મળેલ દાન

શ્રી ધનરાજ કોઠારી પારિતોષિક : અમદાવાદ રૂ. ૫૦,૦૦૦/-
(બે વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલા નવોદિત લેખકના
પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક માટે) હ. શ્રી પૂનમચંદ કોઠારી

## (૨) પરબ સ્થાયી ફંડ માટે મળેલ દાન

રોહિતભાઈ આચાર્ય, અમદાવાદ રૂ. ૩,૦૦૦/-

## (૩) માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન

ડૉ. ચંદ્રકાન્ત શેઠ, અમદાવાદ રૂ. ૧૫,૦૦૦/-

## (૪) રા. વિ. પાઠક સભાગૃહ નવનિર્માણ માટે મળેલ દાન

૧. ગિરીશ આર. શેલાણી, સુરેન્દ્રનગર ૫૦૧/-
૨. ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડા (મહુવા) ૫,૦૦,૦૦૦/-